# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) ‘વિકાસ સપ્તાહ’ની ઉજવણીના છેલ્લા દિવસે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ‘નવી ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024’ લૉન્ચ કરશે
2) પત્રકારોના આરોગ્યની તપાસ માટેના રાજ્યવ્યાપી 'ફિટ ઇન્ડિયા, ફિટ મીડિયા' અભિયાનનો મુખ્યમંત્રીના હસ્તે આજે સવારથી પ્રારંભ થશે
3) ભારે વરસાદને કારણે નુકસાન ભોગવી રહેલા ખેડૂતોને સર્વે કરીને તાત્કાલિક ધોરણે સહાય ચૂકવવા વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો
4) આજે દિવસ દરમિયાન સૌરાષ્ટ્રના કેટલાંક ભાગો અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી
5) રણજી ટ્રોફીમાં ગુજરાત અને વડોદરાનો વિજયી પ્રારંભ.. ગુજરાતે હૈદ્રાબાદને અને વડોદરાએ મુંબઇને હરાવ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# INDUSTRY POLICY

વિકાસ સપ્તાહ અંતર્ગત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત ટેક્સટાઈલ ઉદ્યોગની નવી પોલિસી લૉન્ચ કરશે

વિકાસ સપ્તાહ ઉજવણીના અંતિમ દિવસે ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી અંતર્ગત રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે વિવિધ ઉપક્રમોનું આયોજન કરાયું છે. ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં GIDCના 564 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરાશે. જેમા 418 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-ખાતમુહૂર્ત તેમજ 146 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-લોકાર્પણના પ્રકલ્પોની ભેટ રાજ્યના ઉદ્યોગોને મળવાની છે.

રાજ્યના પાંચ હજાર પાંચસો ઉદ્યોગ એકમોને એક હજાર કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની સહાયનું વિતરણ પણ કરાશે.

---------------------------------------------------------------------

- પીટીસી-ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# VIKAS SAPTAH – DISTRICT

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

દાહોદ જિલ્લાના સિંગવડ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સાંસદ જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં પશુપાલન શિબિર યોજાઈ હતી. જેમાં પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓની સહાય મંજુરીપત્રોનું વિતરણ કરાયું હતું.

મહીસાગર જિલ્લાના રૈયોલી ગામે મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ ૪૪.૪૬ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ – ખાતમુર્હુત કર્યા હતા.

ગાંધીનગર ખાતે મંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે 10 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ ખાતમુર્હુત કરાયું હતું.

રાજપીપળા ખાતે મંત્રીશ્રી ભીખુભાઈ પરમારે 40.30 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ – ખાતમુર્હુત કર્યા હતા.

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે વિકાસ પદયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લા કલેકટરના હસ્તે 32 કરોડ રૂપિયાના પ્રજાલક્ષી કામોનું લોકાર્પણ – ખાતમુર્હુત કરાયા.

ભાવનગર ખાતે આયોજીત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા અને મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે વિકાસ કામોનું લોકાપર્ણ ખાતમુર્હુત કરાયું હતું.

મોરબી ખાતે કેબિનેટ મંત્રી રાઘવજી પટેલના હસ્તે વેટરનરી પોલીકલીનકનું લોકાર્પણ કરાયું.

સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકી ખાતે વિકાસ પદયાત્રામાં લખતર તાલુકાના 45 લાખ રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત – લોકાર્પણ કરાયું.

બનાસકાંઠા જિલ્લામાં નડાબેટ ખાતે વિકાસ પદયાત્રાને જિલ્લા કલેકટર અને પોલીસ વડાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવી હતી.

વિકાસ સપ્તાહ અંતર્ગત નવસારીમાં લખપતી દીદી સેમિનારનું આયોજન કરાયુ હતું. આ પ્રસંગે નવસારીના ખડસુપાના લખપતી દીદી તેજલ મિસ્ત્રીએ આત્મ નિર્ભર બનવા અંગે વાત કરી હતી.

BYTE – તેજલ મિસ્ત્રી, લખપતિ દીદી, નવસારી

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત દાંતીવાડા તાલુકાના ચોડુંગીરી ખાતે પ્રાકૃતિક કૃષિ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો – લાભો અંગે માર્ગદર્શન અપાયું હતું.

------------------------------------------------------------------------

- પીટીસી દાહોદ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, મહીસાગર, ભાવનગર, નવસારી - નિકીતા -(NAVIN)

# MEDIA HEALTH CHEKUP

'ફિટ ઇન્ડિયા, ફિટ મીડિયા' અભિયાનનો આજથી રાજ્યવ્યાપી આરંભ થઇ રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ અભિયાનનો આરંભ થશે. અમદાવાદના જૂના વાડજ સ્થિત રેડક્રોસ ભવન ખાતેથી આ અભિયાનનો આરંભ થશે. આ અભિયાન અંતર્ગત મીડિયાકર્મીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. સાંપ્રત ઘટનાઓથી લોકોને સતત અપડેટ રાખવા માટે હંમેશા પત્રકારો સતત દોડધામ કરતાં હોય છે. ત્યારે સતત તાણ અને શારીરિક અને માનસિક રીતે સક્રિય રહેતા પત્રકારોના આરોગ્યની ચિંતા કરવી પણ અત્યંત જરૂરી છે.

રાજ્ય સરકારે પત્રકારોના આરોગ્યની ચિંતા કરીને આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજ્યો છે. રેડક્રોસના ઉપક્રમે રાજ્યવ્યાપી આરોગ્ય ચકાસણી કાર્યક્રમ શરૂ આજથી થવા જઇ રહ્યો છે. જેમાં પત્રકારોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# RAIN

રાજ્યના ત્રીસ તાલુકાઓમાં ગઇકાલે મધ્યમથી હળવો વરસાદ નોંધાયો હતો.. જેમાં સૌથી વધુ દેવભૂમિ દ્વારકા જીલ્લાના ભાણવ઼માં અઢી ઇંચ અને ખંભાળિયામાં બે ઇચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત અમરેલીમાં ભારે વરસાદ પડ્યો હતો જેમાં સાવરકુંડલા પંથકમાં મોડીરાત્રે અનરાધાર વરસાદ થયો હતો.

સાવરકુંડલા શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર  વરસાદ વરસ્યો હતો.

આ અનરાધાર વરસાદથી ખેતીપાકોને નુકશાનીની ભીતી છે. ત્યારે અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને ખેડૂતોની નુકસાનીનો સર્વે કરીને તાત્કાલિક ધોરણે સહાયની ચૂકવણી કરવાની માંગણી કરી છે.. સતત વરસાદને કારણે ખેતીપાકોને વ્યાપક નુકશાન થયું હોવાનો પણ તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો છે.

બીજીતરફ હવામાન વિભાગે આજે દિવસ દરમિયાન સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી અને જૂનાગઢમાં તેમજ દક્ષિણ ગુજરાત તેમજ કન્દ્ર શાસિત દમણ અને દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે મધ્યમથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે..જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં વરસાદની શક્યતા નહીવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

---

- પીટીસી- અમરેલી અખબારી યાદી–દૂરદર્શન .. હર્ષલ પંડ્યા

-(NAVIN)

# DAMAN TIFFIN SERVICE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં અન્ન સેવા સંસ્થા 10 રૂપિયામાં જમવાનું આપે છે. આ સંસ્થાએ હવે મોટી દમણ ખાતે સરકારી હૉસ્પિટલમાં પણ આ સેવા શરૂ કરી છે. જેથી દર્દીઓના પરિવારોને નજીવી કિંમતે ભોજન સેવાનો લાભ મળી શકે. સંસ્થાના અધ્યક્ષ આ વિશે વધુ જણાવે છે.....

બાઈટ : પ્રબિર ચંદા ( અધ્યક્ષ, અન્ન સેવા સંસ્થા, દમણ)

---

- પીટીસી - પ્રદીપ ભાવસાર, દમણના પ્રતિનિધી

# Ranjit Trofy 2024

રણજી ટ્રોફીમાં ગુજરાત અને વડોદરાએ વિજયી પ્રારંભ કર્યો છે. ગુજરાત હૈદરાબાદ વચ્ચેની મેચમાં ગુજરાતે હૈદરાબાદને 126 રને પરાજ્ય આપ્યો હતો.

આ મેચમાં ગુજરાતે પ્રથમ ઇનિંગમાં 343 અને હૈદરાબાદે 248 રન કર્યા હતા. બીજી ઇનિંગમાં ગુજરાત 201 રને ઓલઆઉટ થતાં હૈદરાબાદને જીત માટે 297 રનનો પડકાર મળ્યો હતો પરંતુ હૈદરાબાદ ચોથા દિવસની રમતમાં 170 રને ઓલઆઉટ થતાં તેની 126 રન હાર થઈ હતી.

વડોદરા મુંબઈ વચ્ચેની મેચમાં વડોદરાએ મુંબઈને 84 રને હરાવ્યું છે. આ મેચમાં વડોદરાએ પ્રથમ ઇનિંગમાં 290 અને મુંબઈએ 214 રન કર્યા હતા. બીજી ઇનિંગમાં વડોદરાએ 185 રન જ કરતાં મુંબઈને જીત માટે 262 રનનો લક્ષ્યાંક મળ્યો હતો પરંતુ મુંબઈ 177 રને જ ઓલઆઉટ થતાં વડોદરાનો 84 રને વિજય થયો હતો.

સૌરાષ્ટ્ર તમિળનાડુ વચ્ચે રમાયેલી અન્ય મેચમાં સૌરાષ્ટ્રનો 70 રને પરાજ્યો થયો છે.

---

ન્યુઝ પેપર નીકીતા - દુર્ગેશ

# FESTIVAL TRAIN

આગામી દિવાળી અને છઠ ફેસ્ટિવલને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ગ્વાલિયર વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

અમદાવાદ-ગ્વાલિયર સ્પેશિયલ 19 અને 26 ઓક્ટોબર અને 02 નવેમ્બરના રોજ અમદાવાદથી રાત્રે આઠ વાગીને 25 મિનીટે ઉપડશે તથા બીજા દિવસે બપોરે એક કલાકે ગ્વાલિયર પહોંચશે. આ પ્રમાણે ટ્રેન ગ્વાલિયર-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન 20 અને 27 ઓક્ટોબર અને 03 નવેમ્બર ગ્વાલિયરથી સાંજે સાડા ચાર કલાકે ઉપડશે તથા બીજા દિવસે સવારે નવ વાગીને પાંચ મિનીટે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, ગુના અને શિવપુરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ રહેશે.

આ ટ્રેન બુકિંગ 16 ઓક્ટોબર રેલવે રિઝર્વેશન સેન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

---

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)